# વશ્તુ સું છે ને કે

વશ્તુ સું છે ને કે, હવે હરિભાઈની અવસ્થા થઈ કેવાય. દીકરા દીકરી પરણાવ્યાં, પરદેસ મોકલાવ્યાં, ઘરનું નાનકડું ઘર થઈ ગયું ગાંધીનગરમાં, સેજ પક્તું ઓછું કેવાય પણ હવે ભગવાન બધેબધુંય તો આપણને કેમ દઈ દ્યે? ને ઓલું પેનસન મલે છે, ને પેલાં સાઇકલ હતી ને હવે સ્કૂટર છે તી એની પાછળ વઉને બેસાડીને પાર્કબાર્ક છે, હરણોદ્યાન કે મંદિરે છે, લાઇક ઘેટ. ટ્રેનમાં જાવાનુંયે થાય, કયેંક દ્વારકા જાવાનું ને કયેંક વેવાઈને ઘરે સુરત ચકર મારવાનું. ના, અમદાવાદ ખાસ જાવાનું મન ઓછું થાય, ઓલા રિક્સાના ધુંવાડાથી માથું ફરી જાય. જોકે હવે ક્યે છે કે ગ્રીન રિક્સાઉં ફરે છે. મીન્સ કે કોક વાર રેલવે ટેસને જાવાનું થાય તો. બાકી એરપોટ બેરપોટ તો સીધેસીધા શાહીબાગમાંથી વાયાવાયા થઈને ફટાક કરતા પહોંચી જવાય. ભાઈબંધની ગાડી છે તી મેમાનોને લેવામૂકવાની કોઈ ફૂટ નહોતી. પરદેસથી છોરાઉં તડબૂચ જેવડાં છોકરાં લઈને દેસમાં આવે તયેં ઈ લોકોની સાથે ગોટપીટ ગોટપીટ કરતાં ઇંગ્લીસની માશ્ટરીયે આવી ગઈતી.

પણ અવસ્થા ઈ અવસ્થા, દ્વારકાધીસનેયે ક્યાં નોતી નડી! ચસમાં આવી ગયાં છે, મોતિયોફોતિયો હજી નથી, ને દર બે વરસે આંખના ડાક્ટર ટીપાંબીપાં નાખે ને આંખમાં બેટરી મારીને આઇઝની એક્ઝામ્પલ કરે, ને નંબર લખી દ્યે. તે આણીખેલા હરિભાઈ આંખના દવાખાને વેઇટિંગમાં બેઠાં બેઠાં વિચાર કરતા હતા કે ગધનું હવે તો હાચેહાચ ભગવાન પાસે જાવાનો ટન આવી ગ્યો છે.

યૂ નો ને, કે આમ હરિભાઈ ને ભગવાન સાથે બેશ્ટફ્રેન્ડસીપ હતી. જરાક મન ઊંચું થાય તો વાળો પલાંઠી, ને લ્યો દ્વારકાના ધીસનું નામ, ને સંખચકર ફેરવતાં ફેરવતાં પ્રભુ દરસન દ્યે, વાતું કરે હરિભાઈની ભેરા પ્યોર ગુજરાતીમાં, ઓકે? પણ બિલીવ મી, એક દી તો એવો આવવાનો જ છે, રાઈટ? કે આંખું

વીંચાવાની છે ને રામ બોલો ભાઈ રામ કરતા આપણે સેસનાગ પાસે જઈને જેજે કરવાના છે, ને ભગવાન રૂપાળું હસીને કહેસે કે કાં ગગા, આવી ગ્યો?

હરિદાદા, હરિદાદા! ડાક્ટરની નર્સે હરિભાઈને ઉઠાડ્યા. 'ટીપા' નાખીને આંખું વીંચીને પોણો કલાક બેસવાનું હતું તી બેઠાં બેઠાં હરિભાઈને વિચારમાંને વિચારમાં ઝોલું આવી ગયેલું. ઓહ, વેરી સોરી! કહીને હરિભાઈ ડાક્ટરની ઓરડીમાં ગયા. ડાક્ટરે રૂટિન મુજબ આંખમાં બેટરી મારી ને પછી એબીસીડી વંચાવી, ને પછી સહેજ ડાક્ટર પોતે વિચારમાં પડી ગયા.

કાં સું પોબલેમ છે? હરિભાઈએ પૂછ્યું.

તમારે સુગર કેમ છે?

સુગર? સેની વાત કરો છો?

બ્લડટેસ્ટ કરાવ્યો છે હમણાં હમણાં?

હા કેમ? બધું અપટુ ને ડેટ છે, હરિએ જવાબ આપ્યો. પણ હાર્ટમાં ધડધડ થાવા મંઈડું, સું આંખું જાવાની છે? તોતો ગધની મોટી રામાયણ થઈ જાય.

હરિભાઈસાહેબ, તમારા આંખના નંબર ઘટ્યા છે. વિઝનમાં ઇમ્પ્રૂવમેન્ટ છે. તમે જરાક ડાયાબિટીસની એક્ઝામ્પલ કરાવો. નો નો, પ્રિકોસન, પ્રિકોસન. કેમકે આ ઉંમરે નંબર ઘટે તે સહેજ અનયુઝવલ છે. ડાક્ટરે તેના વાંસે ઢીકો મારીને કહ્યું યૂ આર ગેટિંગ યંગર!

ઘોડા મારે સીંગડાં! ડાક્ટરે નંબરનો કાગળ આપ્યો, એક મહિના પછી બીજો બ્લડટેસ્ટ કરાવવા ને પછી રિટર્ન આંખ બતાવવા આવવાની ભલામણ કરી. ઈ બીજો ઢીકો મારવા જાય એની પેલાં હરિભાઈ હશીને ગેટની આઉટ થઈ ગયા. સીધા પોતાના રેગ્યુલર ડાક્ટર નાયકભાઈ પાસે જઈને ડાયાબિટીસની વાત કરી તો નાયકભાઈ હશવા મંઈડા.

નંબર ઓછા થયા છે? સુગરનું કારણ હોય? અરે બ્રધર, હું દસ વરસથી તમારા ટેસ્ટ કરું છું ને સુગરનો કાંટો નેવુંથી ટસનો મસ નથી થયો. પણ ચાલો, ફરીથી કરસું.

ઓક્કે, મહિના પછી પાછો બ્લડટેસ્ટ કરાવીને આંખ બતાવી તો ડાક્ટર કહે કે માઇ ગોડ, આયે નવી નવાઈ. બધું ફાઇનમફાઇન હતું, ને હરિભાઈ નવાં ચસ્માં કરાવી આવ્યા ને પાછા હિંડોળે બેઠા, ને આ કથા આંયાં પૂરી થઈ જાત.

પણ અવસ્થા અવસ્થાનું કામ કરે છે, ને હરિભાઈ પહેલાં તમાકુબમાકુનો સોટ મારતા એટલે દાંત બેત્રણ પડી ગ્યાતા. એટલે ઓલા સ્વામિનારાયણના ટીલાવાળા દાંતના ડાક્ટર પાસે ચાંદીના નવા નખાવી આવેલા, તી ઈ પાછા ચાંદીના દાંતે ઉપાડા લીધાતા ને લાડવા ખાવામાં પોબલેમ કરતાતા. એટલે હરિભાઈ ગ્યા સ્વામિનારાયણ ડાક્ટર પાસે.

દાંતના ડાક્ટરે લાઇટવારો ટોપો પહેરીને હરિભાઈના મોઢામાં એનો બેબી ચીપિયો નાખ્યો, ચાંદીના દાંત ઉખેડીને લાઇટ પાસે ધરી જોયા.

હરિદાદા, આ નોબલ મેટલના દાંત છે, બિલીવ મી! પેઇન તો થવું ન જોઈએ. પછી એની રબડના મોજાવારી આંગરી બોખી જગ્યામાં ફેરવી. ને એની આંખું ચકરવકર થાવા માંડી. ઈ પાછા ખુરસીમાં બેઠા, લાઇટનો ટોપો કાઢીને વાંચવાના ચસ્માં પેરી લીધા. કબાટમાંથી જાડી બુકું કાઢીને શ્ટડી કરવા મંઈડા. પછી હશીને કહે કે હરિદાદા, તમને તો દાંત પાછા ઊગે છે. આને સેકન્ડ ચાઇલ્ડહુડ કહીએ અમે લોકો, ને પછી દાંતનો ફોટો પાડીને કહ્યું, એન્ઝોય, એન્ઝોય! પૈસાયે ન લીધા, ચાંદીનો દાંત ડબીમાં ભરીને પાછો આપી દીધો.

ઘોડા મારે સીંગડાં! ટીલાવારા દાંતિસ્ટે ઢીકો નોતો માર્યો, પણ મોઢેથી જે કહ્યું ઈ ઢીકા જેવું જ પાવરદાર હતું. મારાબેટાઉં માથું ફેરવી દ્યે એવી વાતું કરે છે, સેકન્ડ ચાઇલ્ડહુડ! આ દખ કોને કેવા જાવું? તે સું હવે પાછા ઘોડિયામાં પોઢવાનું થાસે?

હવે હરિભાઈના લેટ ફાધરને ટાલ નોતી પડી, પણ હરિભાઈને લાગતુંતું કે નાનાભાને ટાલ હતી એટલે આપણને વેલીમોડી ટાલની બોણી થાવાની છે.

યાં એક દી વઉએ આવીને કહ્યું કે સાંભરો છો? ઝરણની બાટલી કેદુની ખલાસ થઈ ગઈ છે, તી સું તમે કાંઈ માથે કલપ બલપ ઠઠેડો છો? હવે હરિભાઈ ડાઢી કરે તયેં અરીશામાં તો જોય, રાઇટ? પણ નજર ડાઢી ઉપર હોય, ને ડાઢીના વાળ ડાઢીની માઈલીકોર હોય એટલે કેવા રંગના છે ઈ ખ્યાલ ન આવે. એણે અરીશામાં જોયું તે હાઅઅઅ! વઉની વાત તો હંડ્રેડ પર્સન્ટ પર્ફેક્ટ હતી. એમના વાળ કાળા થાવા મંઈડા છે! ને હરિનો પીતો ગ્યો! બધા વાળ રિવર્સમાં કાળા થાવાના છે? ને પછી બાબરીમાં દાંતિયો ઊંધો કરીને ફુગ્ગો કરવાનો ને મોઢામાં ગુટકાની પડીકીયું નાખીને સીટીયું મારવાની છે?

ઓ માઇ ગોડ! અટલે સું પાછા જુવાનજમાન થઈને પાછા નોકરીએ ચડવાનું

છે? ને ઓલા શુપરવાઇઝરની ડાઢીમાં હાથ નાખવાના છે, હમણાં કઉં ઈ? હરિભાઈ લાલચોળ થઈ ગયા ખીજમાં ને ખીજમાં.

ઓત્તારીની! જો પાછા જુવાન થાવાનું હોય તો આ ચિલ્ડ્રન્સો થિયાં છે ઈ રેવાનાં કે પાછાં બિગિનિંગથી પેદા કરવાનાં? પાછાં મોટાં કરવાનાં, બાળોતિયાં ધોવાનાં ને કોલેજુંની ફીયું ભરવાની ને આડીલાઇને ન જાય એની વરિયું કરવાની? ને પરદેસ મોકલવા વીઝાબીઝાની તોભાના તાડ જેવી લમણાફોડનું સું?

ને તમે જોયું હોય તો હરિભાઈનો દિમાગ ફાટફાટ થાવા માંઈડો. વાતેવાતે ઉપાડા લિયે, વઉને વડકાં ભરે, આમેઆમે સ્કૂટરને વધારાની કીકું મારે તમે જોયું હોય તો! ને એક દી અરીશામાં જોયું તો મોઢાની કરચલિયું ટોટલી રવાના થઈ ગઈતી ને ફેસબેસ શિનેમાના એકટર જેવો લાગતોતો. હરિભાઈએ તો ખીજમાં ને ખીજમાં કાચ ઉપર ઘુસ્તો મારી દીધો, ગધની આ તે કાંઈ રીત છે?

ને બટ નેચરલી ભગવાન ભેરા એક મિટિંગ કરવાનો ટાઇમ થઈ ગ્યો કેવાય, વેવારી રીતે જોયેં તો. પણ ત્યાં પાછું બીજું કઉતુક થિયું! વઉને લેફસાઇડની નીઈ–માં સૂટિંગ પેઇનનો પોબલેમ હતો, ને દાદરા ચડવા ઊતરવામાં મહા ઉપાધિ થાતીતી. પણ હવે ઓલોફે સડનલી ઉપરના માળે ઝાડુપોતું સારદાબેનને બદલે વઉવ જ કરવા મંડીતી. હરિભાઈએ પૂછ્છું કે કાંઈ વૈદબૈદની દવા લાગુ પડી છે?

તો ખબર પડી કે વઉ સાવણ મઈનાના એકટાણાં કરતીતી અટલે ફૂરતીમાં રેતીતી. પણ એકટાણાંબેકટાણાં ઠીક હવે, હરિભાઈને પ્રાઇવેટમાં ખબર હતી કે આ ઓલા દુવારકાના ધીસની ટ્રિકું છે, ને હવે હરિભાઈની ભેગાભેગા એની બાઈડીનેયે શકંજામાં લઈ લીધી છે. ને એક્ચુલી વઉવેય ગ્રેજુલી ગ્રેજુલી યંગર થાવા મંડી એટલે હરિભાઈને લાયગું કે હમણાં ઉપરવાળાને મલીને હેરાણ કરવાની જરૂર? નથી!

પણ હરિભાઈ ભગવાનની પાસે ન જાય તો ભગવાન હરિભાઈની વિઝિટે આવે, એક જાતનું રિલેસન, ઓકે? એટલે હરિભાઈ તો ફુલ પંખો કરીને પલંગમાં સૂતાતા એક રાતના ને ભગવાને એના મગજમાં ટકોરા માર્યા.

ગગા, ઓલરાઇટ છો ને?

ઓ માઇ ગોડ, કરીને હરિભાઈ બેઠા થઈ ગ્યા.

સ્લીપ, સ્લીપ, પ્રભુએ કહ્યું. આ બાજુ વોક લેવા આયવોતો, ને થિયું કે લાવ હરિભાઈ પઝલમાં છે તો હલો કરતો આવું.

પણ હરિભાઈએ હવે ઈ પઝલ સોલ કરી નાખીતી કે સું ચાલાકી ચાલે છે, ઉપરવારાની.

અંતરજામી! આણીખેલા હું સમજી ગ્યો છું કે સું ચાલે છે!

સું ચાલે છે, ગગા, કહે જોઈએ?

પેલાં બધા રિક્સાવારા ઘાસલેટથી રિક્સા ચલાવતાતા ને પરદુસણથી શુવાસ લેવાતો નોતો અટલે અમે બધા વેલા ગૈઢા થાતા જાતાતા. ને હવે ઈ બંધ થિયું એટલે અમે રિટન જુવાન થાયેં છીયેં, રાઇટ ને?

ભગવાને દાંત કાઈઢા. ગાંડા? ઈ વાત સાચી છે, પણ મેઇન રીઝન બીજું છે.

એમ? વોટ? હરિભાઈને સેજ માઠું લાગ્યું.

વશ્તુ એવી છે ને, ગગા, કે હજાર વરસ પેલાં માણસ ત્રીસપાંત્રીસે મરતુંતું, પછી ગ્રેજુલી ગ્રેજુલી એની લાઇફ લાંબી થાવા મંડી છે.

રાઇટ. હરિભાઈએ હોંકારો દીધો.

સપોઝ બધાં માણસ બાર વરસનાં થાય ને મરી જાય તો કોઈને ખબર ન પડે કે વધારે જીવ્યા હોત તો જુવાની આવત. ને બધા બાવીસ વરસે મરી જાતા હોય તો નોબડી નોવઝ કે સીંતેર એંસીનું ગઢપણ કેને કેવાય.

સો? હરિભાઈને ખબર ન પડી કે ગાડી ક્યા પાટે જાય છે.

હવે આજકાલ બધાં લાંબું જીવે છે, ભગવાને કહ્યું. બઉંતેર કે ઇવન બ્યાંસી, એટલે કોઈને ખબર નથી કે એકસો બાર વરસનું કે એકસો બાવીસ વરસનું માણસ કેવું હોય, યૂ નો?

અને?

અને હવે તમે લોકો બધાં લાંબું જીવસો અટલે ઈયે ખબર પડસે કે ગઢપણ પછી કયું સ્ટેજ આવે છે. મીન્સ કે ગઢપણ પછી પાછું રિવર્સમાં જુવાન થાવાનું હોય છે? હરિભાઈએ અચંબાથી પૂછ્યું.

હૂ નોવ્ઝ! તાળી મારીને ત્રિભુવનના સ્વામી અંતર્ધાન થઈ ગયા.

■

*ન્યુ યોર્ક, ૨૦૧૪*

# હિન્દ સિનેમા

કેશવ ઠાકરના ઘર પાસે હિન્દ સિનેમા છે. કેશવ ઠાકર અગાશીની પાળી ઉપર બેસીને હિન્દ સિનેમામાં 'નાવ શોઇંગ' ચાલતી સિનેમા 'સુનહરે દિન'ની જાહેરાત જુએ છે. સુનહરે દિન જોવા તે હાથ લંબાવે છે, ને અચાનક તેના પગ અધ્ધર થઈ જાય છે. કેશવ ઠાકર અગાશીની પાળી ઉપરથી ઊથલી પડે છે. હવામાં અધ્ધર લટકતું તેનું શરીર હાથ હલાવી મરણિયાં ફાંફાં મારે છે. અને સટાક તેની આંખ ખૂલે છે. તેના હાથ હજી આંચકા મારે છે.

ડોક્ટર સાહેબ, મને આમ ઇનવોલન્ટરી આંચકા આવે છે, ડોક્ટર સાહેબ. આમ સૂતો હોઉં, ને અચાનક આમ થાય. કેશવ ઠાકર આંચકા મારી બતાવે છે.

આહ, ડો. ઝવેરી ઊંચે જોયા વિના પોતાના નોટપેડ ઉપર લીટા કરે છે. સૂતા હોવ એટલે? ઊંઘ આવવામાં હોય ત્યારે?

હા, ઊંઘ આવવામાં હોય ત્યારે.

વ્હેન યૂ આર ફોલિંગ અસ્લીપ.

યસ.

પેડ ઉપર સટસટ સટસટ લીટા.

કોઈ પ્રોબ...

લુક, મિસ્ટર ઠાકર, ડો. ઝવેરી અકળાઈને તેનું વાક્ય કાપે છે, તમે દુનિયાના સૌથી મોટા પહેલવાન નથી; પણ મરવા પડ્યા છો તેવુંયે નથી. મેડિકલ જર્નલ્સમાં આ બધું વેલ ડોક્યુમેન્ટેડ છે. ઊંઘ આવવાની હોય ત્યારે આપણું જાગ્રત મન ઢીલું પડે છે અને સપનું આવવામાં છે. ને સપનામાં જે થવાનું છે તેનું રિએક્શન શરીર પહેલાં આપી દે છે, ને સપનું પછી આવે છે. કેમકે સૂતેલા મગજમાં સમય સીધી લીટીમાં નથી આવતો.

વધુ લીટા.

એટલે આમ કોઈ... કોઈ માનસિક... ઠાકર વાક્ય અધૂરું મૂકે છે 'રોગ' શબ્દ બોલીએ ને રોગ થઈ જાય તો?

નો! તમે ગાંડા નથી થઈ જવાના. તમે એવરેજ નોર્મલ માણસ નથી; પણ રસ્તા વચ્ચે ઊભા ઊભા ટ્રાફિક સામે ખીખી કરો તેવા ગાંડાયે નથી. યૂ–આર–ફાઇન.

એટલે આમ નથિંગ ટુ વરી એબાઉટ? યાહ?

યાહ, યાહ, યાહ. મગજમાં ભ્રાન્તિઓ થાય, ધરતીકંપ થાય છે, કે આગ લાગી છે, કે આપણે ગબડી પડ્યા છીએ ને મગજની જાણ વગર આપણા હાથપગ આંચકા મારે...

યાહ યાહ! પડી જવાનું, અગાશી ઉપરથી પડવાનું સપનું મને વારંવાર આવે છે.

ડો. ઝવેરી હવે ઊંચે જુએ છે.

તમે કહ્યું ને કે, ઠાકર સહેજ મોટા સ્વરે કહે છે, એવું અગાશીમાંથી પડવાનું સપનું મને વારંવાર આવે છે. ને હાથના આંચકા મારીને હું જાગી જાઉં છું.

એકનું એક સપનું? વારંવાર આવે છે?

ડોક્ટરે ઊંચું જોયું તે કશીક જીત થઈ હોય તેમ ઠાકર કહે છે, યસ! વેરી ઓફ્ન.

તે અગાશી કેવી છે? ડોક્ટર પૂછે છે.

ઈ મકાનમાં હું, બાબાપુજી અને ભાઈબહેનો એક નાના કમરામાં રહિયેં છિયેં. બાજુમાં મકાનમાલિક અને તેમનો ભત્રીજો નાનુ રિયે છે. છેટેના પરા શ્યામનગરમાં ઈ લોકોનાં બે સિનેમા થિયેટરો છે. ઈ લોકો ઘણી વાર મોટરમાં બેસીને યાં રહેવા જાતા હોય છે. બે દિવસ પછી પાછા આવે ત્યારે નાનુ પોતે ચાર ચાર સિનેમા જોયા તેવી વાત મને કરે છે, ને હું એકીટશે તેને જોયા કરું છું.

એક વાર નાનુએ કહેલું કે આ ગુરુવારે તનેયે લઈ જાશું.

હેં? જિગા છે?

હા રે હા. ફ૊ંગરાઈને નાનુએ કહ્યું. ગુરુવારે હું ધોયેલાં કપડાં પહેરીને ઠેકાઠેક કરતો હતો. બા કિયે કે આટલીબધી વગદાઈ સારી નહીં. પણ મોટરમાં બેસવાના ને સિનેમા જોવાના સન્નામાં મને બાની શિખામણ સંભળાણીયે નહોતી. મોટર

આવી, મકાનમાલિકના ઘરમાંથી એક એક કરીને ઈ લોકો બહાર નીકળ્યા, ઘરને તાળું માર્યું. ગગા? મકાનમાલિકે મારે માથે હાથ ફેરવીને કહ્યું, કાં બહાર ઊભો છો, ગગા? નાનુએ મારી સામે જીભડો કાઢ્યો. ને ફટાક મને સમજાણું કે નાનુએ મારી મશ્કરી કરીતી. ઈ લોકો વહ્યાગ્યા પછી હું રોયોતો.

મફતિયા, સાલા કંગલા? પાછા આવીને નાનુ મને અગાશીમાં લઈ ગ્યો. સાલા મફતિયા, તારે મફતમાં મોટરમાં બેસવું છે? મફતિયો સિનેમા જોવો છે? તારા બાપની મોટર છે? તારા બાપનું થિયેટર છે? બોલ, સોરી બોલ.

સોરી.

બોલ, સાત વાર સોરી! કોઈ ના હોય તયેં નાનુ મને ધમકાવતો. સાત વાર સોરી કહેવરાવતો. પણ સિનેમાની વાતું સાંભળવાની લાલચે હું ઈ બધું છાનોમાનો સાંખી લેતો. પછી ઈ વાતું જઈને પોરસથી મારા બીજા દોસ્તાર ધર્મેશને કહેતો.

નાનુએ મશ્કરી કરીતી એની વાત બાએ મકાનમાલિકને કહી. તો મને એકલો પાડીને નાનુએ ચૂંટિયો ભરીને મારી પાસે સોરી કહેવરાવેલું. એવામાં એક દી નાનુ તેના મોસાળે ગયેલો, ને ગાડીમાં જિગ્યા હતી એટલે પહેલી વાર મકાનમાલિક મને મોટરમાં બેસાડીને સિનેમા જોવા લઈ ગ્યા. ને મેંયે ચાર ચાર સિનેમા જોઈ. ગુરુવારે બે ઊતરે ઈ, ને શુક્રવારે બે નવી ચડે ઈ. નવી સિનેમા તો બેબે વાર જોઈ, ને એના ડાયલોગ મને કડકડાટ યાદ થઈ ગયેલા.

સાલા મફતિયા? નાનુએ પાછા આવીને મને દાદરા નીચે ભીંતસરસો મૂકીને તતડાયવો. તને લઈ ગ્યા એટલે ડબલ ડબલ વાર જોવાની એમ? મફતિયા? ને હવે હુશિયારી મારે છે કે ડાયલોગ યાદ થઈ ગ્યા છે? બોલ, સોરી બોલ?

સોરી.

બોલ, કોઈ દી નહીં કરું બોલ, સાલા કંગલા!

કોઈ દી નહીં કરું.

બોલ, સાત વાર સોરી!

સાત વાર કીધું એટલે ચૂંટિયો ભરીને નાનુએ મને જવા દીધો. આ કોઈને કહેવાની તાકાત નહોતી. કઉં ને નાનુ સિનેમાની વાતું કેવાનું બંધ કરી દિયે તો? મને વસમું લાગતું. હું હજાર વાર સોરી કહેતો ને નવા જોયેલા સિનેમાની વાત કરવા કરગરતો.

આને પાસ કહેવાય સમજ્યો, નાનુએ એક વાર મને 'પાસ' બતાવીને કહેલું. ઈ લોકોનાં થિયેટર હતાં એટલે ઈ લોકોને 'પાસ' મળતા ને ઈ બધા મફત સિનેમા જોવા જતા. આ જોયો? આ લઈને જાવ એટલે થિયેટરવાળો સવા રૂપિયાની ટિકિટ ન લિયે, ખાલી ચાર આનાનો ટેક્સ લિયે. પણ તારા જેવા મફતિયાને તો ઈયે ન પોસાય ને? પોસાય? બોલ પોસાય? હું ના પાડતો.

મારા દોસ્તાર ધર્મેશને પણ સિનેમાનો ભારી સન્નો હતો. મેં ધર્મેશને ઓલા જાદુઈ 'પાસ'ની વાત કરી.

જા જા! તેણે કહ્યું, જા જા, હાલતીનો થા!

બાય ગોડ, યાર. મેં તેને સમજાવતાં કહ્યું. ખાલી એક કાગળનો કટકો હોય. કહીને નોટમાંથી એક ચબરખી જેવો કટકો ફાડીને બતાવ્યો. આમ ઉપર ઈ સિનેમાના ડિસ્ટ્રિબ્યુટરનું નામ છાયપું હોય. ને ટાઇપના અક્ષરમાં લઈખું હોય કે આ પાસ લાવનારને તમારા થિયેટરમાં લાગેલી અમારી સિનેમા બતાવશો તો આભારી થઈશું. બસ, ને નીચે સહી હોય. ને સિનેમા જોવા મળે. મફતમાં, બોલ! બહુ સમજાવટ પછી ધર્મેશે કહ્યું, દૈજોણ.

બાપા મને રોજ બે પૈસા વાપરવા આપતા. એમાંથી બચાવીને સવા રૂપિયો થાય ત્યારે હું એકલો સિનેમા જોઈ આવતો. એક જ વાર જોઈ હોય તોયે મને ડાયલોગ આવડી જાતા. કોક વાર રવિવારે મામા મળવા આવતા ને મને સિનેમા જોવા લઈ જતા. થિયેટર ઉપર ટિકિટ ન મળે તો મામા બ્લેકમાં ટિકિટ લઈને મને સિનેમા બતાવતા. પછી હું ઈ સિનેમાની વાત તે ધર્મેશને કરતો.

એક વાર ધર્મેશે દસ આનાની લાઇનમાં સિનેમા જોવાની વાત કરી. ઈ બધા મજૂરો, રિક્શાવાળા ને ગુંડાઓની સાથે તે લાઇનમાં ઊભા રહીને સિનેમા જોવાય કે નહીં તેની ચર્ચા કરતા. દૈજોણ, ધર્મેશ કહેતો, બાબાપુજી જોણે તો મારઅ. એક વાર બાબાપુજીને ખબર ન પડે તેમ અમે બેય દસ આનામાં સિનેમા જોઈ આયવા. પછી તો બેફામવાર દસ આનાની લાઇનમાં બેત્રણ નવી નવી સિનેમા જોઈ આયવાતા.

અને એક દી હિન્દ સિનેમામાં સિનેમા લાગી, 'સુનહરે દિન'. અમને ઈ જોવાનું બૌ મન હતું. બચતમાં સવા રૂપિયો હજી થિયો નહોતો. ને દસ આનાની લાઇનમાં રોજ મારામારી થતી. કેમ કંગલા? રોજ નાનુ મને ખીજવતો, કેમ કંગલા, જોઈ આયવો, સુનહરે દિન? સાલા મફતિયા, અમને તો પાસ મળ્યો છે, પાસ.

મને ખબર નહોતી પડતી કે ઈ સાચું બોલે છે કે બગલાવે છે. ઈ જોઈ આવે તો તેની પાસેથી સુનહરે દિનની વાત સાંભળવાની તાલાવેલી હતી. ભલે એને ડાયલોગ ખાસ યાદ નોતા રહેતા પણ ઈ વાર્તા કહેતો ને પછી એમાં મારા ડાયલોગ નાખીને હું ધર્મેશને કહેતો. આપણાથી નહીં જોવાય તો કાંઈ નહીં. નાનુ પાસમાં જોઈ આવે પછી હું તનેયે તેની વાર્તા કહીશ.

જોઈ આયા?

ધર્મેશ રોજ પૂછતો, જોઈ આયા નાનુ લોકો?

એય કંગલા! એક દી હું અગાશીમાં બેઠોતો ને નાનુ ભડાક કરતોક ઉપર આયવો. એય કંગલા! મફતિયા, તારે સુનહરે દિન જોવુંછ? હું કાંઈ બોયલા વગર ઊભો થઈ ગયો.

સાલા, બોલ, હા કે ના? હું તોયે ચૂપ રહ્યો. નાનુ કોને ખબર કેવી રમત કરતો હતો.

તો પડ ચૂલામાં, અમે તો શ્યામનગર જઈએ છીએ. અટલે અમે પાસ વાપરવાના નથી. તારે જાવું હોય આ રિયો પાસ. નહીંતો ફાડી નાખું છું.

શું? મેં પૂછ્યું.

શું શું? કંગલા, પાસ, પાસ. કહીને નાનુએ ખિસ્સામાંથી કાઢીને કાગળનો કટકો બતાયવો.

પાસ છે આ?

તો શું છે ઘાસ છે, મફતિયા? જા, તારા દોસ્તારનેયે લઈ જાજે.

મેં ફટાકથી કાગળ લઈ લીધો. એમાં છાપેલું કાંઈ નહોતું, હાથેથી લખેલું હતું, કે આ લાવનારને અમારી સુનહરે દિન ફિલ્મ બતાવવા વિનંતી છે. નીચે સહી પણ હતી. કિસનચંદ કેડિયા. આ તો હાથે લખેલો છે.

શું બોઈલો? ફરીથી બોલ તો? એટલે હું ખોટું બોલું છું, એમ? કહીને નાનુ હસી પયડો. ન જોવી હોય તો ઘેર જા, સાલા. કહીને નાનુ ફાડવા ગયો. હું તો ફાડી નાખીશ.

ના ના, મે કહ્યું. મારે જોવી છે, જોવી છે.

તો પહેલાં સોરી બોલ! કહે સોરી!

સોરી.

સાત વાર સોરી!

સાત વાર સોરી.

પાસ લઈને દોડતો હું ધર્મેશના ઘરે ગયેલો.

ઓત્તારી! ધર્મેશે રાડ પાડી. ત્રણથી છનો શો ચાલુ થઈ ગયો છે. છથી નવમાં જવાય, ધર્મેશે રાડ પાડીને કહ્યું. અમે બેય ચાર ચાર આના લઈને હિન્દ સિનેમા ઉપર ગયા. હજી ઘણી વાર હતી એટલે બાજુના ગોલતલા મેદાનમાં રમવા ગ્યા. પણ રમતમાં મૂળેય ચિત્ત નોતું. અટલે વારાફરતી પાસ જોવા લાગેલા. કિસનચંદ કેડિયા? ધર્મેશે પૂછ્યું.

હા, ડિસ્ટ્રિબ્યુટર હશે કિસનચંદ કેડિયા. એની સિગનેચર છે.

દૈજોણ. ધર્મેશે નીચલો હોઠ કાઢી ફરીથી પાસ હાથમાં લઈને જોયા કરેલું. દૈજોણ.

સાડા પાંચે બેય હિન્દ સિનેમાની ‘બોક્સઓફિસ’ ઉપર ગયા. ક્યા હૈ? પાસ હૈ? બારીવાળાએ પાસ હાથમાં લીધો, પાસ હૈ?

હા. અમે ડરતાં ડરતાં કહ્યું.

કહાંસે લાયા? બારીવાળો પાસ જોઈ રહ્યો.

કિસનચંદ કેડિયા સાહેબ દિયા. મેં રોવા જેવા થઈને કહ્યું.

ઠેહરો. બારીવાળાએ મેનેજરને બોલાવ્યો. મેનેજરે પાસ જોયો, પછી મારી તરફ અને પછી ધર્મેશ તરફ જોયું. મેનેજર મુસ્કુરાવા માંયડો.

પછી? ડોક્ટર ઝવેરીએ હું ઠાકરને પૂછ્યું. ચૂપ કેમ થઈ ગયા?

કોઈ ચમત્કારથી કેશવના શરીરનાં રૂંવાડાં ખડાં થઈ ગયાં. તે એકદમ બોલવા લાગ્યો. પછી તો ડોક્ટર સાહેબ, શ્યામનગરથી પાછા આવીને નાનુ મને અગાશીમાં લઈ ગયો.

શ્યામનગરથી પાછા આવીને નાનુ મને અગાશીમાં લઈ ગ્યો. કાં કંગલા? મારી સામે મશ્કરીથી હસતાં હસતાં નાનુએ પૂછ્યું, કાં કંગલા? જોઈ આવ્યો સુનહરે દિન?

મેં હરખથી હા પાડી. ને નાનુ મારી સામે જોઈ રહ્યો.

ઠેહરો. હિન્દ સિનેમાના બારીવાળાએ મેનેજરને બોલાવ્યો. મેનેજરે પાસ જોયો, પછી મારી તરફ અને પછી ધર્મેશ તરફ જોયું. મેનેજર મુસ્કુરાવા માંયડો.

યે કેડિયા કૌન હૈ, સાહબ? બારીવાળાએ મેનેજરને ધીમેથી પૂછ્યું.

ડિસ્ટ્રિબ્યુટર હૈ. મેનેજર અમારા તરફ જોઈ હસ્યો. બૈઠા દો, ઇન દોનોં કો.

બારીવાળાએ ચાર ચાર આના ટેક્સના લીધા ને બે કોમ્પ્લિમેન્ટરી ટિકિટો અમારા હાથમાં આપી. હું અને ધર્મેશ ઠેકડા મારતાં મારતાં થિયેટરમાં ગયા. અંદર જાહેરખબરો ને ટ્રેલર આવ્યાં ત્યાં સુધી વાતું કરતા રહ્યા. તું માનતો નોતોપણ જોયું? મેં પોરસથી ધર્મેશને કહ્યું.

દૈજોણ, ધર્મેશે કહ્યું, આપણનઅ માનવામોં ન આવઅ.

ને સુનહરે દિન શરૂ થિયું તો ઇન્ટર સુધી કોઈ એકે અક્ષર બોલ્યું નહીં. ઇન્ટરવલમાં ડાયલોગ બોલતાં બોલતાં અમે બેબે પૈસાની મસાલામૂડી ખાધી. અને પછી ધી એન્ડ સુધી પાછા ધારીધારીને સિનેમા જોઈ. બહાર નીકળી ફરીથી સામસામા બાકીના ડાયલોગ બોલ્યા. ગાણાં ગાયાં ને બહુ મસ્તી કરી ને પછી પોતપોતાના ઘરે આવ્યા.

સાલા કંગલા? નાનુએ વકરીને ત્રાડ પાડી, સાલા કંગલા? ઈ તો બનાવટી પાસ હતો. મેં હાથેથી લખેલો.

અટલે? હું આંખું ફાડીને નાનુને જોવા લાગ્યો. ભાઈસાબ, આવી મશ્કરી?

સાલા કંગલા? નાનુએ જોસથી મારી ડોકી પકડી. તને ખબર છે બનાવટી પાસમાં સિનેમા જોવા જાવ તો પોલીસ જેલમાં પૂરી દિયે? ને તારા બાપે આવીને તને છોડાવવો પડે ને તારા બાપને જેલમાં નાખે! નાનુ રાડું પાડતો હતો. સટાક, મને થપ્પડ મારી દીધી. સાલા હરામી, કુત્તા, કંગલા, મફતિયા, ખોટા પાસમાં સિનેમા જોવી છે તારે? લાતું, ઢીક્કા, ધક્કા ને થપ્પડું મારીને મને ભોંયભેગો કરી દીધો. બોલ, સોરી બોલ! સોરી બોલ!

ખડખડ હસીને મેં કહ્યું, સોરી, સાત વાર સોરી. કોઈ દી નહીં કરું. ખડખડ ખડખડ.

કેમ હસો છો? ડોક્ટર ઝવેરીએ અકળાઈને પૂછ્યું.

ડોક્ટર સાહેબ, મને બહુ હસવું આવતું હતું. પોતાની મશ્કરી નિષ્ફળ ગઈ તેનો ગુસ્સો નાનુ રોકી શકતો નહોતો. ધ જોક વોઝ ઓન હિમ, ડોક્ટર! તેની લાતો મને શાબાશીના ઇનામ જેવી મીઠી લાગતી હતી.

લુક, ડોક્ટરે ઠાકરને કહ્યું. ઊંઘમાં જે તમારા હાથ હાલે છે, તે આંચકા નથી, મિસ્ટર ઠાકર. તમે ઊંઘમાં તાળીઓ પાડો છો.

■

*કલકત્તા, ૨૦૧૧*

# છગન મગન તારા છાપરે લગન

બે પરમાણુઓના સંયોગથી એક અણુ બને છે. ત્રણ અણુઓના સંયોગથી એક ત્રસરેણુ. એવા ત્રણ ત્રસરેણુને પાર કરવામાં સૂર્ય જે સમય લે, તે સમય, એક ત્રુટિ.

આઘે આઘે બહાર મંદિરના ચોકમાં ભાગવતસપ્તાહમાં લાઉડસ્પીકર ઉપર શાસ્ત્રીજી પાઠ કરતા હતા. નાહતાં નાહતાં હરિભાઈનું ધ્યાન નહોતું, પણ આ માહિતી એમના મગજના એક કોરનરમાં કરોળિયાના જાળાની જેમ ચોંટતી જતી હતી. હરિલાલ બાથરૂમમાં સાવર નીચે ઊભેલા. નીચેના બાથરૂમ કરતાં ઉપરના બાથરૂમમાં સોઈ સારી હતી. હોટ વોટરની ચકલી ખોલો તો ગીઝરમાં ભડકો થાય ને સડસડાટ હોટ વોટર આવે. પણ વોટર ગધનું કાયમ ટૂમચ હોટ હોય કે ટૂમચ કોલ્ડ હોય, ને તરત ઇમિજેટલી મોઢામાંથી ધરાર ગાયન નીકળી પડે, 'છગન મગન તારા છાપરે લગન...' વોટરની હોટાઈ ને કોલ્ડાઈ ઉપરથી ગાવાની સ્પીડ ને વોલ્યુમ એજસ્ટ થઈ જાય. હોટ ને કોલ્ડ ઇક્વલ-ટુ-ઇક્વલ હોય તો છગનને બદલે 'છગના' બોલાય ને સરસ તાલ સાથે રાગમાં ગવાય. જોકે વોઇસ હરિભાઈ કરતાં મિશિસનો મોર સ્વીટ. દાળ પણ હરિભાઈ કરતાં મિશિસના હાથે બેટર બને.

સોપ બોપ ચોળીને હરિલાલે બરાબર બાથ લીધો. જોરદાર ફુવારો આવ્યો ને હરિલાલને રજનીભાઈનું ગાયન યાદ આવ્યું, સાવરિયો મારો સાવરિયો, હું તો ટીપું માગું ને દઈ દે દરિયો. બાથ પછી મિરર સામે ઊભા ઊભા સેવિંગ!

ના'તા પેલાં ડાઢી કરતા નથી પછી નાઈને પાછા ગંધારા થાવ છો, તેમની મિશિસ તેમને લાઉડલી કહેતી.

વશ્તુ સું હતી કે ના'યા પ–છી ડાઢી કરિયેં તો બીજે દી ઈ પાંચ મિનિટ મો–ડી ઊગે ને? હમણાં હમણાંથી હરિભાઈ મૂછ ઉગાડતા હતા. મઈનો દી

થઈ ગ્યો તો ને જરાક સરખાઈ આવીતી મૂછમાં. થોડાક વાઇટ વાઇટ વાળથી હરિભાઈ પીઢ લાગતા હતા. વશાવડાનું કેવાનું હતું કે તમે મિલિટરીના કમાન્ડર જેવા લાગો છો, વિથ નવી મૂછ. હરિભાઈ મૂછને બેય બાજુથી વળ દેતા હતા. સમહાઉ આજે એટેનસનમાં આવ્યું કે તેમની જમણી સાઇડની મૂછ લાંબી છે. ચપટો ભરે ત્યારે જમણી બાજુ મૂઠો ભરાય એટલા વાળ આવે છે. ડોક્ટર મંજુશ્રી હસતાં હસતાં એને 'મૂછનો પૂળો' કહેતાં. હરિભાઈનો હાથ માથે ફરી ગયો. મૂછમાં છે એના કરતાં બાબરીમાં આટલો ગ્રોથ આપે તો એના બાપનું... હરિભાઈએ જીભ કચરી. દુવારકાના ધીસ માટે આવું ન બોલાય. સોરી.

અરીસા હામે ઊભા ઊભા હું કરો છો, ગાંડા થઈ ગ્યા છોવ? કપડાં સુકવતાં સુકવતાં વઉએ કહ્યું.

હરિભાઈ કહે, જો તો, જો તો, આ સાઇડની મૂછ જરા લાંબી નથી લાગતી? હરિલાલે મોઢું લંબાવ્યું.

તો કાપી નાખો ને, સારા નથી લાગતા. વઉએ ભીનો ટુવાલ હરિલાલની સામે ઝાટકતાં કહ્યું. ગેસ મગાવવાનો છે, ને ફિનાઇલ લયાવવાની છે, ને એરકન્ડિસન હોકારા કરે છે ને ઈ સમુ કરાવવાનું છે, બધું કરવાને બદલે ઊભા ઊભા મૂછું જોયા કરો છો.

હરિલાલે વઉ તરફ હાથ લંબાવી સ્વીટલી કહ્યું, સોઓરી.

જાવ ને રોગા કંટાળા દિયો છો તી. ને આ ફાંદો ઓછો કરો, ફાંદો, કહીને વઉ હસતી હસતી નીચે ઊતરી ગઈ. ઓત્તારીની, વઉનો જમણો પગ સહેજ મોટો હોય તેવું નથી લાગતું? હરિભાઈએ મિરરમાં જોયું કે એની ડાબી સાઇડની મૂછ મિરરમાં જમણી સાઇડે દેખાતી હતી.

પછી હરિલાલને ખ્યાલ આવ્યો કે પોતાનો જમણો હાથ ડાબા કરતાં હાફે–તસુ લાંબો છે. માથે ડાબી કરતાં જમણી સાઇડે વાળ વધુ ધોળા છે. ને મિરરમાં એનાથી રિવર્સ દેખાય છે. પરમાત્માની માયા બીજું સું.

–૨–

## સપ્રાઇઝ

કોક દી ટેરિફિક બાથ લેવાણો હોય તો હરિભાઈ ટેસમાં આવી જતા ને દુવારકાધીસે તેને યુગવિમાનની બક્ષિસ આપેલી તેમાં બેસીને બ્રહ્માંડનો એક

રાઉન્ડ મારી આવતા. એરકન્ડિસનવારા પાસે જાઉં છું, કહીને હરિભાઈ નીકળી આયવા પોતાના મકાનમાંથી. યુગવિમાનમાં બેસવાની પ્રોસીજર એવી હતી, કે મંદિર પાસે એક પીપળાનું અપટુડેટ ઝાડ હતું. તેની નીચે ઊભા રહીને હરિભાઈ ગણગણે ગાયત્રી, ને સંકલ્પ કરે એટલે બધું અદશ્ય થઈ જાય ને ઇમિજેટલી હાજર થાય, પુસપક. હરિભાઈએ યુગવિમાનને નામ આપેલું પુસપક.

ક્યાં જાસું, ક્યાં જાસું? પુસપકે પૂછ્યું.

જે લોકમાં વનસ્પતિને લાગણીયું થાતીતી ને માણસો લાકડા જેવા સૂકા હતા ઈ યુગ તો ડન. ઊંટલોકમાં ઊંટોનું રાજ હતું ને હ્યુમન માણસો પાળેલાં પ્રાણી ગણાતાં ઈયે કંપલીટ. જ્યાં માણસોને વાચા જ નહોતી ને પાંપણના ઇશારે માણસો વાતો કરતાતા ઈયે...

સપ્રાઇઝ આપો આજે, પુસપકભાઈ, સપ્રાઇઝ.

ઓકે સર, કહીને પુષ્પકે તો ચાપું દાબી, ને હરિભાઈએ જોયું તો—

ગધેડીનું ઓસ્ટેલિયા?

ગધનો આકાસનો એક કટકો કાપીને ઊભો ખોડી દીધો હોય એમ મારા ડાડા જેવડું મોટું એરપોટ ને એમાં હજારો તારલિયાની જેમ ઝગમગ ટ્યૂબલાઇટું, ને લાલ લાલ સેલારા મારતા અક્ષરે મોટું સાઇનબોડ, વેલકમ ટુ સિડની. ચારે કોર ફાઇન ફાઇન ટોલ ટોલ બિલ્ડિંગ્ઝો ને ટોટલી ફોરેન ટાઇપ કોલ્ડ કોલ્ડ એર–વોટર?

એરપોટ ઉપર દીકરી જમાઈ લેવા આવેલાં. ફ્રેન્કલી ગધનાં ગૈઢાં લાગતાંતાં! એમની ભેગો એક જુવાન જણ હતો. દીકરી જમાઈ પગે લાગ્યાં, અને, ઈ જુવાન જણેયે પગે લાગવાનો ચાળો કીધો, પગેલાગણ નાનાભા. તમારો દૌહિત્ર અજિત! દીકરીએ હરિભાઈને વાંહે ધબ્બો મારીને કહ્યું.

ઘોડા મારે સીંગડાં? ઓક્કે, તો આપણે ફ્યુચરમાં પૂગી આયવા છીએં, કરેક્ટ? હરિભાઈએ પુસપક સામે જોયું. પુસપકે આંખ મારીને ડોકું નીચું કર્યું, મીન્સ કે યસ, સર, ફ્યુચરમાં પૂગી આવ્યા છીએ. હેંક હેંક! 'યુગ'વિમાન છે ને! સપ્રાઇઝ સાચો, ભાઈ.

રિયલ સપ્રાઇઝની વારી તો હજી હવે આવસે. પુસપકે ધીમા સાદે કહ્યું.

વોટ? હરિભાઈએ ફોરેનના હિસાબે ઇંગ્લિસમાં પૂછ્યું.

ભગવાન જાણે. કહીને પુસપક હશી હશીને બેવડો થઈ ગયો.

એરપોટમાંથી નીકળીને ગાડીમાં બેઠાં ને ગાડી તો ઊડી. ને આકાસમાં ડઝનબંધ ગાડીયું સુર્રસુર્ર કરતી આડી ને ઊભીને સામસામી ઊડે છે. સટાક દેખે ડોટરનું ઘર આવી ગયું.

ઓત્તારીની? અરે? બારણામાં અજિતના બે જોડકા બાબલાઉંને તેડીને ઊભીતી હરિભાઈની મિશિસ હસ્તે પોતે? ઘોડા મારે સીંગડાં? હાઉ? હરિભાઈ ઘાંઘાવાંઘા થઈ ગયા. ફ્રેન્કલી વહુયે ગૈઢી લાગતીતી, જોકે આંખમાં ઓલી મેજિક સાઇનિંગ ઇની ઇ જ.

## –3–
## ગોડ પાર્ટિકલ

હરિભાઈએ અજિતના બબ્બે મહિનાના જોડકા બાબલાંવને ફાંદા ઉપર સુવડાવી દીધા. એકના મોઢામાંથી લાળ ટપકે ને બીજો ખાલી ખાલી હડો ડોલાયવા કરે. લાલ લાલ ગલગોટા. હરિભાઈને દ્વારકાધીસ યાદ આવી ગયા. ઘણા લોન્ગ ટાઇમથી કનવરસેસન થઈ નથી.

કાં ગગા, કાંઈ મુંઝાણો છો?

હેંય? ભગવાનનો વોઇસ? હરિભાઈ ભઈડકા. વોઇસ પોતાના ફાંદા ઉપરથી આવતો હતો. ફાંદા ઉપર અજિતના દીકરા કબૂતરની જેમ ગુટરગૂં ગુટરગૂં કરતાં કરતાં હાથપગ પછાડતા હતા ને ભગવાનનો વોઇસ ઈ બે બાબાઉંના મોઢામાંથી સ્ટીરિયોની જેમ આવતો હતોઃ મોઢામાંથી? બાબાઉંના મોઢામાંથી?

વ્હાય નોટ? ભગવાને પૂછ્યુંઃ ડિડયા મિસ મી?

હરિભાઈને લાગી આવતું કે આટલો સબન્ધ હોવા છતાં હજી એકેય વાર લખમીજીની મુલાકાત નોતી થઈ. તરત ભગવાને દાંત કાઢ્યા.

કાં હશો છો, અંતરજામી?

ગગા, તમને લોકોને અમારા લોકો માટે કેવી કેવી કલપનાઉં હોય છે! સેસનાગે પ્રથવી ઉપાડી છે! ને એના ફિંડલા ઉપર પગ લાંબા કરીને ભગવાન સૂતા છે! ને લખમીજી ચામર ઢાળે છે! ને બે પરમાણુઓના સંયોગથી એક અણુ બને છે. ત્રણ અણુઓના સંયોગથી એક ત્રસરેણુ. એવા ત્રણ ત્રસરેણુને પાસ કરવામાં સૂર્ય જે સમય લે, તે સમય, એક ત્રુટિ.